આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે યુનિટ દીઠ બાંધકામ કિંમત રૂ..૩.૯૪.૬૫૦/ થી વધારી ૫.૫૦.૦૦૦/ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૧૨૦૧૨-૧૨૯૧-બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૬/૨૦૧૨

વંચાણમાં લીધાઃ

(૧) મહિલા અને બાળવિકાસ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૯-૯-૨૦૧૧ નો ઠરાવ.

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળવિકાસની કચેરીનો તા.૩૦-૩-૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃનં-યોજના-૨/આઈસીડીએસ-આં.વા.કે.મકાન બાંધકામ-૨૦૧૨

પ્રસ્તાવના-

આમુખ-(૧)માં દર્શાવેલ વિભાગના તા.૨૯/૯/૨૦૧૧ના ઠરાવથી સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી કેન્દ્ર ના મકાન બાંધકામની યુનિટ કિંમત રૂ૩.૯૪.૬૫૦/ અને વધુ પુરાણવાળી કે ખરાબ માટી વાળી જમીન હોયતો રૂ.૪,૩૮,૪૫૦/ નિયત કરવામાં આવેલ હતી

આ કિંમત માટે નિયત થયેલ આંગણવાડી કેન્દ્રના મકાન ના નકશા અનુસાર તાજેતરમાં બાંધકામના સામાનના તેમજ લેબર ચાર્જીસમાં થયેલ ભારે ભાવ વધારાને ધ્યાને રાખતાં ઉપર દર્શાવેલ યુનિટ કિંમત ઓછી છે અને આ કિંમતમાં બાંધકામ થઇ શકે તેમ નથી તે પ્રમાણેની વિવિધ જિલ્લાઓમાંથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ દ્વારા તાંત્રિક ગણતરી સહિતની દરખાસ્તો નિયામકશ્રી આઇસીડીએસ ને મળેલ હતી. આ તાંત્રિક ગણતરી સહિતની વિગતવાર દરખાસ્તો આંગણવાડીના મકાન બાંધકામની યુનિટ કિંમત નક્કી કરવા માટે નિયામકશ્રી આઇસીડીએસ મારફત સંદર્ભ(૨) ના પત્ર થી વિભાગને મળેલ હતી.

વિભાગ દ્વારા આ દરખાસ્તો તાંત્રિક ગણતરી સહીત તેમજ પુરતા જસ્ટીફીકેશન સહિત માર્ગ અને મકાન વિભાગને મંજુરી માટે રજુ કરવામાં આવેલ માર્ગ અને મકાન વિભાગ દ્વારા દરેક જિલ્લામાં નીચે દર્શાવેલ કારણોને લઇ ને યુનિટ કિંમતમાં તફાવત આવતોહોવાનુ જણાવેલ છે.(૧) બારી બારણાં લાકડાના બનાવવા કે સ્ટીલના (૨) ફ્લોરીંગ કોટા સ્ટોનનુ બનાવવુ કે વિટ્રીફાઇડ તેમજ (૩) લોડ બેરીંગ બનાવવાનુ કે આરસીસી ફ્રેમ સ્ટ્રક્ચર બનાવવુ. તદઉપરાંત બાંધકામના સામાનના ભાવો અને લેબર ચાર્જ દરેક જિલ્લામાં વધ ઘટ હોવાને કારણે દરેક જિલ્લામાં યુનિટ કિંમતમાં ફેરફાર થવા પામેલછે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગે રજુ કરેલ આ યુનિટ કિંમત વધારવાની દરખાસ્ત ને બાંધકામની અમુક શરતો ને આધિન આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામની યુનિટ ખર્ચને મંજુરી આપેલ છે. જે ધ્યાને લઇ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

-ઠરાવ-

આમુખ (૨) માં દર્શાવેલ નિયામકશ્રી આઇસીડીએસ ની તા૩૦-૩-૨૦૧૨ ની આંગણવાડીના બાંધકામની યુનિટ કોસ્ટ વધારવાની દરખાસ્ત બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવ્યા અનુસારની શરતો સહિત નુ નિયત નકશા અનુસારનુ ૪૭.૪૫ મીટરના વિસ્તારવાળુ આંગણવાડીના મકાન બાંધકામ કરવા આંગણવાડીના બાંધકામ માટે અગાઉ જે રૂ.૩.૯૪.૬૫૦/ યુનિટ કોસ્ટ નક્કી કરેલ હતી તે વધારીને રૂ..૫.૫૦.૦૦૦/- કરવાનુ આથી ઠરાવવામાં આવે છે. તેમજ આંગણવાડી મકાનના બાંધકામ માટે સ્થાનિક જરુરિયાત મુજબ માટી પુરાણ અથવા ફ્રેમ સ્ટ્રક્ચર કરવાની જરુરીયાત રહેતો જે તે આંગણવાડીના

સ્થાનને અનુરૂપ કિંમતમાં ૧૦ % થી ૧૫ %ના વધારાની ( રૂ. ૬.૦૫ લાખથી રૂ. ૬.૩૨૫ લાખ સુધી) મંજૂરી આપવામાં આવે છે.

(૧) લોડ બેરીંગ સ્ટ્રક્ચર

(૨) કોટાસ્ટોન ફ્લોરીંગ

(૩) ૨૦ મીમી.સેન્ડફેસ સીમેન્ટ પ્લાસ્ટર અને ૧૫ મીમી સાદુ પ્લાસ્ટર

(૪) બારી-બારણા, એમ.એસ. ફ્રેમ તથા સ્ટીલનું શટર.

(૫) ધાબા ઉપર ચાઇના મોઝેક ફ્લોરીંગ.

કોઇ પણ સંજોગોમાં આ યુનિટ બાંધકામથી વધારે ખર્ચ કરી શકાશે નહી

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક૧૦૬, મુખ્ય સદર ૪૨૩૬,પોષણ અંગે મુડી ખર્ચ પેટા મુખ્ય સદર-૦૨,પોષણ યુક્ત આહાર અને પીણાનું વિતરણ ગૌણ સદર- ૮૦૦, અન્ય ખર્ચ, પેટા સદર-૦૧ (એન..ટી..આર-૫) હેઠળ ઉધારવાનું રહે છે અને ચાલુ નાણાકીય વર્ષની બજેટ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માર્ગ અને મકાન વિભાગની ની તારીખ ૨૧-૫-૨૦૧૨ અને નાણા વિભાગની તા.૨૦/૦૬/૨૦૧૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાજેશ રાજ્યગુરૂ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. રા.ક. ના મંત્રીશ્રી(મબાક)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી માર્ગ અને મકાન વિભાગ સચિવાલય ગાંધીનગર
-કમિશ્નરશ્રી.મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજમહેતા ભવન, ગાંધીનગર.
-તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-તમામ જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીઓ (ICDS).
-નાણાંકીય સલાહકારશ્રી.(મ.બા.વિ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ
-શાખા સીલેકટ ફાઇલ./નાયબ સે.અધિકારી સિલેક્ટ ફાઇલ.